ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ -3 તા. ૦૨.03.૨૦૨૧

ભાજપા પ્રત્યેની અવિરત શ્રધ્ધા અને સ્નેહ માટે
ગુજરાતની જનતાને નમન - વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી

-----------

આજના પરિણામો એ સંદેશ આપે છે કે ગુજરાતની જનતા
ભાજપાના વિકાસ અને સુશાસનના એજન્ડાનું
દ્રઢતા પૂર્વક સમર્થન કરે છે - વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી

---------

ગુજરાત સરકારના લોકાભિમુખ વહીવટની અને ભાજપાના કાર્યકર્તાઓના
ભગીરથ પ્રયત્નોની પ્રશંસા કરતાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી

---------

ભાજપા હરહંમેશ ગુજરાતના વિકાસ અને પ્રત્યેક
ગુજરાતીઓના સશક્તિકરણ માટે કાર્યરત રહેશે - વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી

-----------

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતભરની નગરપાલિકા, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણીના પરિણામો બાબતે જણાવ્યું હતું કે, આજના પરિણામો એ સંદેશ આપે છે કે, ગુજરાતની જનતા ભાજપાના વિકાસ અને સુશાસનના એજન્ડાનું દ્રઢતા પૂર્વક સમર્થન કરે છે. ભાજપા પ્રત્યેની અવિરત શ્રધ્ધા અને સ્નેહ માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતની જનતાને નમન કર્યાં છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી વધુમાં જણાવે છે કે, મહાનગરપાલિકાના પરિણામો અને આજરોજ આવેલ ગ્રામ સ્વરાજ્યના પરિણામોમાં શહેરી અને ગ્રામીણ ગુજરાતે સર્વાનુમતે સંદેશ આપ્યો છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાત સરકારના લોકાભિમુખ વહીવટની પ્રશંસા કરી અને ગુજરાતના ભાજપાના કાર્યકર્તાઓના ભગીરથ પ્રયત્નોની પ્રશંસા કરી હતી અને જણાવ્યું હતું કે, ભાજપા હરહંમેશ ગુજરાતના વિકાસ અને પ્રત્યેક ગુજરાતીઓના સશક્તિકરણ માટે કાર્યરત રહેશે.

ડૉ.યજ્ઞેશ દવે
પ્રદેશ મીડિયા કન્વીનર,